શહેરમાં નવી ગટરલાઈનોમાં પાણીનો ભરાવો

ખુલ્લી ગટરલાઈનમાં પાણીના ભરાવાથી મચ્છરજન્ય બિમારીની ભીતિ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં વરસાદી માહોલમાં જે તે સ્થળ પર થયેલા અધુરા વિકાસ કાર્યો ઉપર પાણી ફરી વળ્યુ છે. સેક્ટર-૨૮માં એસબીઆઈ બેંક પાસે અને સેક્ટર-૨૪ના આ દેશ્યો છે જે તંત્રની કામગીરી છતી કરે છે. નવી ગટર વ્યવસ્થાઓ તૈયાર કરવામાં આવી રહી છે ત્યાં વરસાદના પાણી ભરાઈ રહેલા જોવા મળી રહ્યા છે અને ગંદકી ઉભી થઈ છે. હજુ તો અહીંયા ગટરોના ઉપર ઢાંકણ નાખવાના તો બાકી જ છે. આ વરસાદી પાણીના ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ વધશે અને મચ્છરજન્ય રોગચાળો ફેલાશે. શહેરમાં સેક્ટર-૨૪માં પાણી ભરાયા છે, ગંદકી અને કાદવ કીચડના દેશ્યો જોવા મળી રહ્યા છે. જે વાહકજન્ય બિમારી માટે જવાબદાર રહેશે. પાણી ભરાવાની સાથે કચરો પડી રહ્યો હોવાથી કાદવકીચડ સાથે કચરો ઉભરાઈ રહ્યો છે. સફાઈની કામગીરી મુખ્ય માર્ગો પર રોજબરોજ થતી જોવા મળે છે જ્યારે અંદરના સેક્ટરોના રસ્તાઓ તરફ સફાઈ ન થવાથી ચોમાસામાં ગંદકીના દેશ્યો થઈ ગયા છે. વધારે સમય સુધી પાણી ભરાઈ રહેશે તો અવશ્ય મચ્છરોનો આતંક પેદા થશે. શહેરમાં હાલમાં ઘરે ઘરે મચ્છરો થઈ રહ્યા છે. મોટા ભાગના ઘરોમાં ફોગિંગની કામગીરી કરાઈ નથી. નવી ગટરલાઈનમાં હજી સુધી ઢાંકણાઓ નાંખવાની કામગીરી ન થવાના કારણે આ ખુલ્લી જગ્યામાં અજાણી વ્યક્તિ પડી જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. આ ઉપરાંત અબોલ પ્રાણીઓ અને પશુ પણ અહીંયા પડી જાય તેવી ખુલ્લી જગ્યા છે. જેમાં હાલમાં ગંદકી અને પાણી જ પાણી જોવા મળી રહ્યા છે. જ્યાં આસપાસ રહેણાંક વિસ્તાર હોવાથી રહીશોના ઘરોમાં મચ્છરોનો ઉપદ્રવ ફેલાય અને બિમારીઓ વકરે તેવો ભય જોવા મળી રહ્યો છે. આ પાણીના નિકાલની વ્યવસ્થાઓ ઝડપથી કરવામાં આવે તેવી લોકમાંગણી ઉઠી રહી છે. જો પાણીના નિકાલ વગર ઉપર ગટરના ઢાંકણા નંખાશે તો અંદરથી મચ્છરોનો ઉપદ્રવ તો રહેવાનો જ તેથી આ પાણીના નિકાલની માંગ ઉઠી રહી છે. આ સાથે કાદવ-કીચડ દૂર કરવામાં આવે જેથી વાહનોને થતી અડચણ દૂર થશે. વાહનો સ્લીપ થવાની ઘટનાઓ ચોમાસામાં વધી રહી છે. તેથી યોગ્ય પગલા લેવાની માંગ ઉઠી છે.

નેક એક્રેડિટેશનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની A++ સાથે ઝળહળતી સફળતા

ગાંધીનગર, તા. ૨૯

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ સ્થાપનાના અઠ્ઠાવીસમાં વર્ષે નેક મૂલ્યાંકન માટેની પ્રથમ સાયકલમાં ઝળહળતી સફળતા સાથે એ-ડબલ પ્લસ રેન્ક મેળવેલ છે. ઉલ્લેખનીય છે કે એ ડબલ પ્લસ રેન્ક મેળવનાર રાજ્યની પ્રથમ યુનિવર્સિટી બનવાની સાથે સર્વોચ્ચ રેન્કની યાદીમાં દેશની પ્રથમ સ્ટેટ ઓપન યુનિવર્સિટી બનવાનું બહુમાન પણ આ યુનિવર્સિટીને મળે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની આ સફળતા પાછળ પરિણામ લક્ષી નેતૃત્વ પુરૂ પાડનાર કુલપતિ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય તથા યુનિવર્સિટી પરિવારના અવિરત પરિશ્રમને રાજ્યના શિક્ષણ વિભાગે અભિનંદન સાથે બિરદાવ્યા છે.

એપોલો ઈન્ટરનેશનલ સ્કુલમાં વરસાદી દિવસની ઉજવણી

એપોલો ઈન્ટરનેશનલ સ્કુલ કુડાસણ ગાંધીનગરમાં પ્રિ પ્રાઈમરી અને ધોરણ ૧ થી પના બાળકો માટે બ્લ્યુ ડે અને વરસાદી દિવસનું આયોજન કરવામા આવ્યું હતું. શાળાનાં બાળકોએ મોજ મસ્તી સાથે આ આયોજન માં ભાગ લઈ અને ઉજવણી કરી હતી. છત્રી રેઈનકોટ સાથે ડાન્સમાં બાળકો ખુબ ઝુમ્યા હતાા. શિક્ષકોએ પણ હોંશભેર ભાગ લીધો અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

ગાંધીનગરમાં રખડતા કૂતરાઓનો ત્રાસ ખુબ વધી ગયો છે. આ ત્રાસ ઓછો કરવા લોકો જાતભાતના નુસખા અપનાવે છે. સેક્ટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરના એક દુકાનદારે કૂતરાઓને દૂર રાખવા વાદળી પ્રવાહી ભરેલી બોટલો પોતાની દુકાનની આગળ ગોઠવી છે. આ નુસ્ખાથી કૂતરાઓ દૂર રહે છે કે નહી એ ખબર નથી પરંતુ આવી રંગીન પાણીવાળી બોટલો હાલમાં સૌના આકર્ષણનું કેન્દ્ર બની છે.

વિદ્યાર્થીઓ લોકશાહીની પ્રણાલીથી માહિતગાર થાય અને આદર્શ ચૂંટણી પ્રક્રિયાની કાર્યપદ્ધતિ સમજી શકે તેવા ઉમદા હેતુસર ગાંધીનગરની નવા કોબા પગાર કેન્દ્ર શાળામાં સને ૨૦૨૨-૨૦૨૩ માટેની બાળ સંસદની ચૂંટણી યોજવામાં આવી હતી. આ ચૂંટણી માં એક આદર્શ ચૂંટણી પ્રક્રિયાની વ્યવસ્થાની જેમ જ જાહેરનામું બહાર પાડવું, ઉમેદવારી પત્ર ભરવા,પરત ખેંચવા, પ્રચાર, વોટીંગ,મત ગણતરી અને પરિણામ જેવી જ વ્યવસ્થા કરવામાં આવી હતી. મહિલા સશક્તિકરણની થીમ આધારિત ચૂંટણી દરમિયાન મહિલા પોલિંગ બુથની રચના કરવામાં આવી હતી. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓએ કામગીરી કરી હતી.ચૂંટણીના પરિણામના અંતે શાળામાં વિવિધ સમિતિઓ બનાવવામાં આવી અને આ સમિતિઓમાં વિદ્યાર્થીઓને મંત્રી પદ ની જવાબદારી સોંપવામાં આવી હતી.આ સમગ્ર કામગીરી શાળાના શિક્ષકોની દેખરેખ હેઠળ અને માર્ગદર્શનથી કરવામાં આવી હતી. આ ચૂંટણી પ્રક્રિયામાં ધોરણ-૬ થી ૮ ના બાળકો જોડાયા હતા. શાળાના આચાર્ય હસમુખભાઈ પ્રજાપતિએ પ્રેરણા પૂરી પાડી હતી. તેમને વિજેતા ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા હતા.

રખિયાલ ખાતે મેગા આયુષ નિદાન સારવાર કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જીલ્લા ના દહેગામ તાલુકાના રખિયાલ ખાતે કોરોના કાળ દરમિયાન આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિનો બહોળો ઉપયોગ થાય લોકોમાં આ મામલે જાગૃતિ આવે તે દરમિયાન આયુર્વેદના વધુ પ્રચાર પ્રસાર માટે આ વન ઉભું કરવાનો નિર્ણય કરાયો છે. જેમાં દુર્લભ ઔષધીઓનો ઉછેર કરવામાં આવ્યો હતો.

જિલ્લા આયુર્વેદ અધિકારીની ગ્રાંટમાંથી આ ઔષધી વન ઉભુ કરવામાં આવ્યુ હતું. રખિયાલનું સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઔષધીય વનસ્પતીનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં જીવંતી (ડોડી), રોહિતક (રગત રોહિડો), હિમાલયન બ્રાહ્મી અને વરૂણ જેવી દુર્લભ ઔષધીઓનું વાવેતર કરવામાં આવ્યું.

આ ઉપરાંત આયુર્વેદ દવાઓમાં ઉપયોગી એવી તુલસી, અરડુસી, કુંવારપાઠુ, પારિજાત, નગોડ, ગળો, દમવેલ, બિલ્વ, આરગ્વધ, બહેડા, બ્રાહ્મી, મધુનાશિની, ગુંજા, બોરસલ્લી જેવી ઔષધીય વનસ્પતીઓને પણ ઔષધી વનમાં સ્થાન આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા વનીકરણ અધિકારીના સહયોગથી લોકોને રોપાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બલરાજસિંહ ચૌહાણ ધારાસભ્ય દહેગામ, ગુણવંતસિંહ ચાવડા ગાંધીનગર જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ, ભરતસિંહ ઝાલા સિંચાઈ સમિતિ ચેરમેન, રાજેન્દ્રસિંહ રાઠોડ શિક્ષણ સમિતિ ચેરમેન, સુમેરુભાઈ અમીન એ પી એમ.સી ચેરમેન, ડૉ.ભાવનાબેન પટેલ જીલ્લા આયુર્વેદ અધિકારી તથા સરપંચ ઉપ સરપંચ તથા આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ સ્ટાફ હાજર રહી સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

સેક્ટર ૧૬ની દાદીસા રેસ્ટોરન્ટની સીડીનું બાંધકામ દૂર કરાયું

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાની દબાણ શાખા દ્વારા શહેરના વિસ્તારોની અંદર ગેરકાયદે દબાણો દૂર કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત દબાણ શાખાની ટીમ સેક્ટર ૧૬માં પહોંચી હતી. સેક્ટર – ૧૬ કોમર્સિયલ વિસ્તારના પ્લોટ નં - ૨૮૬ ખાતે પહેલા માળે દાદીસા રેસ્ટોરન્ટ છે. આ રેસ્ટોરન્ટમાં જવા માટે રોડ સાઈડ અનધિકૃત સીડીનું બાંધકામ કરવામાં આવ્યું હતું. જે નિયમ વિરુદ્ધ હોય ગાંધીનગર મહાનગરપાલિકાની ટીમ દ્વારા તેને તોડી પાડવામાં આવી હતી.શહેર માં મનપા તંત્ર દ્વારા દબાણો સામે હવે લાલ આંખ કરવામાં આવી રહી છે ટ્રાફિક ની સમસ્યા ઓ ઠેર ઠેર ઊભા થયેલા દબાણો પણ એક કારણભૂત છે તેથી જવાબદાર તંત્ર દ્વારા દબાણો હટાવવા ની યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

સ્વતંત્રતા ના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગાંધીનગર ના સૌજન્ય થી જિલ્લા પંચાયત ગાંધીનગર ના સરદાર હોલ ખાતે જિલ્લા પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ભારતમાતાના ફોટાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,માણસા, ગાંધીનગર, કલોલ અને દહેગામના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ અને બી.આર. સી. કો.ઓ. અને શાસનાધિકારી ખાસ ઉપસ્થિત રહી જિલ્લાની અને શહેર વિસ્તાર મળી ૬૦૧ શાળામાં ભારતમાતાના ફોટા પહોચાડવાનું આયોજન અને વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં સૌ મહાનુભાવોનું સ્વાગત મહાસંઘના અધ્યક્ષ હર્ષદભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.અને કાર્યક્રમની રૂપરેખા મહામંત્રી સંજયભાઈ જણસારી દ્વારા રજૂ કરવામાં આવી હતી.પહેલી ઓગષ્ટના દિવસે જિલ્લાની તમામ શાળાઓમાં પ્રાર્થનાસભામાં ભારતમાતાનું પૂજન અને આરતી કરી સ્વાતંત્ર્ય સેનાનીઓ, શહીદોના પરિવારનું વિશેષ સન્માન કરાશે.

નભોઈ નર્મદા કેનાલમાં અમદાવાદના વકીલે જીવનલીલા સંકેલી

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર નજીક થી પસાર થતી નભોઈ નર્મદા કેનાલમાં અમદાવાદના વકીલે કેનાલમાં કુદકો મારી જીવનલીલા સંકેલી લીધી છે.

કેનાલ પાસેથી વકીલનું બાઈક અને મોબાઈલ બિનવારસી મળી આવ્યા હતા. જેને પગલે પરિવારે બહીયલના તરવૈયાઓની મદદથી મૃતકનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. ઈન્ફોસીટી પોલીસની પ્રાથમિક તપાસમાં યુવાન બિમારીના પગલે ડિપ્રેશનમાં રહેતો હોવાનું સામે આવ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ કુબેરનગર ખાતે રહેતા ૩૩ વર્ષિય એડવોકેટ વિનોદભાઈ કનુભાઈ મકવાણા પરમ દિવસે ઘરેથી નીકળી ગયા હતા. તેઓ મોડીરાત સુધી ઘરે પરત ન ફરતા પરિવારના સભ્યોએ શોધખોળ શરુ કરી હતી.

તે સમયે નભોઈ નર્મદા કેનાલ ખાતે બિનવારસી હાલતમાં બાઈક અને મોબાઈલ મળી આવ્યા હતા. બનાવની જાણ થતા ઈન્ફોસીટી પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી.

બાઈક અને મોબાઈલની તપાસ કરતા વકીલના પરિવારજનો પણ કેનાલ ખાતે આવી પહોંચ્યા હતા. કેનાલમાં ફાયર ટીમની જવાનોએ શોધખોળ કરી હતી. પરંતુ અંધકાર થઈ જવાથી વિનોદભાઈનો પત્તો લાગ્યો ન હતો. જયારે સવાર પડતા પરિવારના સભ્યોએ બહીયલના તરવૈયાઓને બોલાવતા કેનાલમાં શોધખોળ કરી હતી.

ત્યારે તરવૈયાઓની ભારે જહેમત બાદ વિનોદભાઈનો મૃતદેહ બહાર નીકાળ્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગૂજરાત વિધાપીઠ, સાદરા દ્વારા જાગરુકતા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

ગ્રામ સેવા કેન્દ્ર ગુજરાત વિધાપીઠ, સાદરામાં એન્ટી રેગિંગ સમિતિ ગૂજરાત વિધાપીઠ દ્વારા વિધાર્થીયો માટે એન્ટી રેગિંગ જાગરુકતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ગૂજરાત વિધાપીઠ ગ્રામ સેવા કેન્દ્રનાં ત્રણો વિભાગ શારીરિક શિક્ષણ વિભાગ, સુક્ષ્મ જીવાણું વિભાગ અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ દ્વારા સંયુક્ત રીતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખાનાં ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએ એન્ટી રેગિંગ વિશે માહિતી આપી હતી આ કાર્યક્રમમાં એન્ટી રેગિંગ સમિતિનાં સભ્ય ડૉ. અમરેન્દ્ર પાંડે સાહેબે વિધાર્થીયોને રેગિંગ કૌને કહવાય છે અને ક્યાં ક્યાં પ્રકારની પ્રવૃત્તિઓને રેગિંગ તરીકે ગણવામાં આવે છે અને કેવી રીતે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા રેગિંગ સામે કઠોર એક્શન લેવામાં આવે છે તેની વિસ્તારપૂર્વક અને દાખલા સાથે સમજુતી આપી હતી એન્ટી રેગિંગ સમિતિનાં શારીરિક શિક્ષણ વિભાગનાં સભ્ય ડૉ. દલસંગ ભાઈ ચૌધરીએ એન્ટી રેગિંગનાં નિયમો અને કાયદાઓની વિસ્તૃત માહિતી વિધાર્થીયોને આપી હતી આ કાર્યક્રમમાં ગૂજરાત વિધાપીઠની એન્ટી રેગિંગ સ્કોડનાં સભ્ય ડૉ. જગદીશચન્દ્ર ગોઠી પણ હાજર રહ્યા હતા જયારે પ્રાયોજિત વિજ્ઞાન વિધાશાખાનાં ડીન અને સુક્ષ્મ જીવાણું વિભાગનાં અધ્યક્ષ ડૉ નીરજ સેઠ અને તેમનાં વિભાગનાં એન્ટી રેગિંગ સમિતિનાં સભ્ય ડૉ. અરવિંદભાઈ ડુંગરેચિયા સાહેબે પણ વિધાર્થીયોને એન્ટી રેગિંગ વિશેની જરૂરી માહિતી આપી હતી કાર્યક્રમમાં ચિલોડા પોલીસ સ્ટેશનનાં પી. આઈ. શ્રી મયુર ધ્વજ સિંહ જાડેજા પણ આ વિષય વાત કરી હતી અને ગૂજરાત વિધાપીઠની એન્ટી રેગિંગ સમિતિ દ્વારા આ સંદર્ભમાં એક આવેદન પત્ર પણ ચિલોડા પોલીસ સ્ટેશનનાં પી. આઈ. શ્રી મયુર ધ્વજ સિંહ જાડેજા સાહેબને આપવામાં આવ્યું હતું કાર્યક્રમમાં અતિથી તરીકે પ્રાયોજિત વિજ્ઞાન વિધાશાખાનાં ડીન અને સુક્ષ્મ જીવાણું વિભાગનાં અધ્યક્ષ ડૉ નીરજ સેઠ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલનાં ડૉ દિવ્યેશભાઈ ભટ્ટ અને મુખ્ય યજમાન શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખાનાં ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા.